# જાહેરનામું

<u>પોલીસ કમિશ્નર અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક:ગ/ઉપક/ટ્રાફિક/૧૩૭/૨૦૧૫ તા.૨૫/૨/૨૦૧૫</u>

હું શિવાનંદ ઝા પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર ગુજરાત પોલીસ અધિનિયમ સને. ૧૯૫૧ નંબર ૨૨ ની પેટા કલમ (૩૩) (૧) (બી) અન્વયે મને મળેલ સત્તાની રૂએ ડાકોર પગપાળા દર્શનાર્થે જતા યાત્રાળુઓના માર્ગ ઉપર માર્ગ અકસ્માતો અને જાનહાની ટાળવા માટે નીચે મુજબનો હુકમ કરૂ છું.

**<u>હુકમ</u> :-**

આગામી ડાકોર ફાગળસુદ પુનમ દરમ્યાન તા.૦૧/૦૩/૨૦૧૫ થી તા.૦૭/૦૩/૨૦૧૫ સુધી મેળો ભરાનાર હોઇ વધુ પડતા યાત્રાળુઓ અમદાવાદ શહેરથી વિઝોંલ સર્કલ થઇ નૈનપુર ચોકડી થઇ ડાકોર પગપાળા દર્શનાર્થે જતા હોઇ વાહનોની અવર-જવરને કારણે અકસ્માતો થવાનો અને જાનહાની થવાનો સંભવ રહે છે. જેથી સદરહું રુટ **<u>વિઝોંલ રીંગરોડ સર્કલથી તમામ પ્રકારના વાહનો ડાકોર તરફ જતા રુટ ઉપર જઇ શકશે નહી પરંતુ રીંગરોડનો ઉપયોગ કરી નારોલ સર્કલ તેમજ એક્સપ્રેસ હાઇવે તરફ આવ-જા કરી શકશે.</u>**

આ જાહેરનામુ ફાયરબ્રિગેડ , એમ્બ્યુલન્સ સેવાઓ તથા સરકારી વાહનોને કામગીરી દરમ્યાન તેમજ પદયાત્રીઓની સુખાકારી માટે જે વાહનો જાય તે વાહનોને લાગુ પડશે નહિ.

આ જાહેરનામાનો અમલ તા.૨૮/૦૨/૨૦૧૫ ના રાત્રી કલાક ૦૦.૦૦ થી તા.૦૭/૦૩/૨૦૧૫ ના કલાક ૨૪.૦૦ સુધી કરવાનો રહેશે.

આ જાહેરનામાના આદેશોનું ઉલ્લઘંન કરનાર ઇસમ ભારતીય ફોજદારી ધારા કલમ ૧૮૮ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તા. ૨૫/૦૨/૨૦૧૫ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

City Commissioner of Police * Ahmedabad *

તા. ૨૫/૦૨/૨૦૧૫
અમદાવાદ.

(શિવાનંદ ઝા)
પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર

<u>નકલ સવિનય રવાના :</u>

(૧) મેનેજરશ્રી ગવર્નમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા
૨/- ગુજરાત ગર્વમેન્ટ ગેજેટ પ્રસિધ્ધ કરવા સારૂ.
(૨) અગ્ર સચિવશ્રી, ગૃહ વિભાગ, ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગર.
(૩) પોલીસ મહનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા. પોલીસ ભવન,ગાંધીનગર.
(૪) કલેકટરશ્રી,જીલ્લા કલેકટરની કચેરી, ઘી કાંટા, અમદાવાદ શહેર.
(૫) અમદાવાદ રજીસ્ટ્રારશ્રી હાઇકોર્ટ, (૫ નકલ)
રજીસ્ટ્રારશ્રી સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર. (૫ નકલ)